ADFACTORS PR
Knowledge-driven communications

| | | | |
|---|---|---|---|
| Published Date: | 11 Aug 2018 | Publication: | Divya Gujarat (Gujarati) |
| Edition: | Ahmedabad | Page No: | 3 |
| MAV/CCM: | 7719.6/9.19 | Circulation: | 20500 |

# TCS IT વિઝ ૨૦૧૮ની અમદાવાદ એડિશનમાં સેન્ટ કબીર સ્કૂલનાં નિહાર શાહ અને ભવ્ય રાણીગા વિજેતા થયાં



૯૫ શાળાઓના ૧૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ TCS IT વિઝ અમદાવાદમાં ભાગ લીધો હતો. TCS IT વિઝ ભારતની અગ્રણી IT સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન્સ પ્રદાન કરતી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) દ્વારા આયોજિત દેશની સૌથી મોટી ઈન્ટર-સ્કૂલ ક્વિઝ છે. આ ક્વિઝ ૧૦ ઓગસ્ટ, ૨૦૧૮ને શુક્રવારનાં રોજ પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, રાજપથ કલબ પાછળ, એસ જી હાઈવે, બોડકદેવ, અમદાવાદ ખાતે યોજાઈ હતી. લગભગ ૧૫% જેટલી શાળાઓ ૨૦૦ કિ.મી. જેટલો પ્રવાસ ખેડી અમદાવાદ ખાસઆ સ્પર્ધામાં ભાગ લેવા આવ્યા હતા. બહારથી આવેલી ટીમોમાં આણંદ, અમરેલી, ભાવનગર, ગાંધીનગર, માણસા, મેહસાણા, નડિયાદ, નવસારી, રાજકોટ, સુરત, તાપી, વલસાડ અને વડોદરા જેવા શહેરોમાંથી આવર્ષે TCS IT વિઝ માં ભાગ લેવા આવેલ હતા. આવર્ષની ક્વિઝમાં લગભગ ૨૮% કન્યાઓએ ભાગ લીધો હતો જે સંખ્યા ગયા વર્ષે ૨૫% હતી.

ટેકનોલોજી કૌશલ્યની સક્ષમતાનાં વધી રહેલાં મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાંનો ઉદેશ ધરાવતી આ કન્ટેસ્ટ વાર્ષિક નોલેજ પહેલ છે, જેમાં ધોરણ ૮થી ધોરણ ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક શાળાને બે સભ્યો ધરાવતી એકથી વધારે ટીમો મોકલવાની છૂટ હતી. ક્વિઝમાં સામેલ થવા માટે કોઈ એન્ટ્રી ફી નહોતી. ઈનામનું વિતરણ મુખ્ય મહેમાનો શ્રીમતી અંજુ શર્મા, આઈ.એ.એસ., પ્રિન્સીપલ સેક્રેટરી, હાયર એન્ડ ટેક્નિકલ એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર અને શ્રીમતી નીલમ રાની, આઈ.એફ.એસ., રેજીઓનલ પાસપોર્ટ ઓફિસર, અમદાવાદ ની સાથે શ્રી હસિત કાજી, ઝોન અમદાવાદ સેન્ટર હેડ દ્વારા થયું હતું.

1/1